# ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ

**શાળા આપત્તિ વ્યવસ્થાપન યોજના**

**સંકલન- જીએસડીએમએ**

## ( ગુજરાત શાળા સલામતી પગલાં)

## શાળા આપત્તિ વ્યવસ્થાપન યોજના

## વિભાગ-૧, પૂર્વભુમિકા

### (અ) શાળાની માહિતી (રૂપરેખા)

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| શાળાનું નામ | | | | | | | |
| શાળાનો નંબર- | | | | | | | |
| બોર્ડ સાથે સંકલન- | જી.એસ.ઈ.બી( GSEB) / સી.બી.એસ.ઈ (CBSE)/આઈ.સી.એસ.ઈ ICSE / અન્ય | | | | | | |
| બોર્ડનો નોંધણી નંબર- | | | | | | | |
| સરનામું | સ્થળ | | | | | | |
| | સર્વે નં/ મ્યુનિસિપલ બોર્ડ નં | | | | | | |
| | ગામ/ નગર/ શહેર | | | | | | |
| | વસ્તિ ગણતરી કોડ | | | | | | |
| | તાલુકો | | | | | | |
| | જિલ્લો | | | | | | |
| | એસવીએસ નં. (જો હોય તો) | | | | | | |
| | જીપીએસ સંકલન | | | | | | |
| | ટેલિફોન | | | | | | |
| | ફેક્સ | | | | | | |
| | ઇ-મેઇલ | | | | | | |
| | વેબ- સરનામું | | | | | | |
| શાળાનો પ્રકાર. | ખાનગી/ સરકારી | | | | | | |
| | અનુદાનિત/ બિનઅનુદાનિત | | | | | | |
| | કુમાર/ કન્યા/ સંયુક્ત | | | | | | |
| | પ્રાથમિક/ માધ્યમિક/ ઉચ્ચતર માધ્યમિક | | | | | | |
| | અંગ્રેજી/ ગુજરાતી/ અન્ય | | | | | | |
| | સવારની પાળી | | બપોરની પાળી | | અન્ય | | |
| શાળાનો સમય. | | | | | | | |
| કુલ વિદ્યાર્થી | કુમાર | કુમારી | કુમાર | કુમારી | | | |
| | | | | | | | |
| શૈક્ષણિક સ્ટાફ | | | | | | | |

| | | | |
|---|---|---|---|
| બિન-શૈક્ષણિક સ્ટાફ- | | | |
| સચાલન સ્ટાફ- | | | |
| આચાર્યનું નામ. | | | |
| સંપર્કની વિગતો. | ટેલિફોન | | |
| | મોબાઇલ | | |
| | ફેક્સ | | |
| | ઇ-મેઇલ | | |

**(બ) યોજનાનો હેતુ અને ઉદેશ્ય-**

- શાળામાં આપત્તિના અસરકારક વ્યવસ્થાપન માટે જરૂરી સમગ્ર માહિતી વિગતવાર અને પધ્ધતિસર એકત્ર કરવી.
- શાળામાં કટોકટી પ્રતિકાર પધ્ધતિ સ્થાપવી.
- કોઇપણ કટોકટીના પ્રતિકાર માટે શાળા- સમૂહને સુસજ્જ કરવો.
- અસરકારક પ્રતિકાર માટે ભૂમિકા અને જવાબદારીઓ નક્કી કરવી
- શાળા- સમૂહમાં જાગૃતિ કેળવવી તથા તેમની ક્ષમતા વધારવી.
- શાળામાં શમન પ્રવૃત્તિઓનો અમલ કરવો.
- વિવિધ સ્ટેક હોલ્ડર્સમાં સહભાગીદારીમાં વૃધ્ધિ કરવી.

## વિભાગ-૨. હોનારત, જોખમ અને નબળાઇની આકારણી કરવી.

હોનારતોએ એ એવી ઘટનાઓ કે ભૌતિક પરિસ્થિતિ છે કે જેનાથી દુર્ઘટનાઓ, વ્યક્તિઓ ઘાયલ થવી, માલમિલ્કતને નુકશાન, મૂળભુત માળખાને નુકશાન, કૃષિ વિષયક નાશ, તથા પર્યાવરણને હાનિ વ્યાપાર-ધંધા ખોરવાઇ જાય અથવા અન્ય પ્રકારની હાનિ કે નુકશાન થવાની પણ શક્યતાઓ રહે છે.

જોખમ એ શક્યતાનું સંલગ્ન પાસું છે કે જેનાથી હોનારત સર્જાય. જોખમને ભયજનક શક્યતાઓ સાથે સરખાવ્યું છે અથવા તો તેનાથી હાનિ કે નુકશાન પણ થઇ શકે છે.

નબળાઇ(અસમર્થતા) એ એવી પરિસ્થિતિ છે કે જેમાં ભૂભાગની આપત્તિજનક પ્રાકતિક સ્થિતિ પ્રત્યે તેનું સર્જન કે સામયિક સમીપતાના તેના લક્ષણો દ્વારા માનવ વસવાટ, મકાનો, કૃષિ પાક અથવા માનવ સ્વાસ્થ્ય, વિષયક સમસ્યાઓ સર્જાય છે.

હોનારત,જોખમ તથા અસમર્થતા(નબળાઇ)ની આકારણીનો મુખ્ય ઉદ્દેશ્ય કોઇ પણ હોનારતના વૈકલ્પિક અનિચ્છિતિ પરિણામો પર જોખમ આધારિત ઉપાયો શોધવાનો છે તથા નબળાઇઓ(અસમર્થતા)ઓ પણ ખાસ ધ્યાન આપવું, હોનારતો ઘટાડવી તથા પ્રતિકાર કરવા માટે સુસજ્જતા કેળવવાનો છે.

આ માટે ઓછામાં ઓછું નુકશાન થાય તથા માનવ-જીવનને બચાવવામાં ઊભી થતી સમસ્યાઓ તથા શક્ય ઉપાયો અગાઉથી જ વિચારવામાં આવે છે.

### (અ) બિન-માળખાકીય આકારણી.

ભૂકંપ થયા બાદ, લગભગ ૯૦% થી પણ વધુ નુકશાન બિન-માળખાકીય પ્રકારનું હોય છે. ભૂકંપ દરમિયાન, મકાનો પડી જવાના કારણે ઘાયલ થનાર વ્યક્તિઓની સંખ્યા સૌથી વધુ હોય છે.

બિન-માળખાકીય ઘટકો એ મકાનના એવા ઘટકો હોય છે કે જે નિષ્ફળ જવાથી સમગ્ર મકાન પડી જશે નહીં. આ ઘટકો ટેકા માટેના માળખાકીય ઘટકો ઉપર આધાર રાખે છે તથા પેરાફિટ (કઠેડો), બારી-દરવાજા જેવા બહારના ઘટકો તથા જીર્ણ થયેલ છત, બત્તીઓ જેવા અંદરના ઘટકો તથા એસી, ગેસ, પાણીના જોડાણની પાઇપો જેવી મકાનમાં રહેલી પાયાની આવશ્યક્તાઓ તથા મકાનમાં રહેલા ટેબલ, ખુરશી, ફાઇલોના ઘોડા, કોમ્પ્યુટર, ફોટા વગેરેનો પણ સમાવેશ થઇ જાય છે.

જોખમને નક્કી કરવાં તથા તેને ઘટાડવા માટે આ ઘટકોના ક્યાસને બિન-માળખાકીય ક્યાસ તરીકે ઓળખવામાં આવે છે.

| ક્રમાંક | બિનમાળખાકીય સમસ્યાનો પ્રકાર | સ્થળ | સમસ્યા ઉકેલવા માટે જરૂરી પગલાંઓ | જવાબદારી |
|---|---|---|---|---|
| ૧ | ફાઇલોના ઘોડા | | | |
| ૨ | ટેકાઓ | | | |
| ૩ | છાજલીઓ | | | |
| ૪ | કોમ્પ્યુટર્સ | | | |

| | | | | |
|---|---|---|---|---|
| ૫ | સ્ટોરેજ કેબિનેટસ | | | |
| ૬ | દિવાલ પર લટકાવેલ ચીજવસ્તુઓ | | | |
| ૭ | આગ શામકો | | | |
| ૮ | રેફ્રીજરેટર્સ | | | |
| ૯ | જીર્ણ થઇ ગયેલ/ તુટી ગયેલ છતોના ભાગ | | | |
| ૧૦ | લાઇટ માટે બેસાડેલ ચીજ | | | |
| ૧૧ | ટ્રેક લાઇટ્સ | | | |
| ૧૨ | બ્લેકબોર્ડસ | | | |
| ૧૩ | પ્રોજેક્શન સ્ક્રીન | | | |
| ૧૪ | એસી | | | |
| ૧૫ | વીજળીના વાયરો | | | |
| ૧૬ | કાચની મોટી બારીઓ | | | |
| ૧૭ | ગ્લેઝડ પાર્ટીશન્સ | | | |

નોંધ- ઉપરોક્ત યાદી દર્શાત્મક છે. હોનારત, જોખમ તથા અસમર્થતાનો ક્યાસ કરતી વખતે, જો તેમને યોગ્ય લાગે તો ઉપરોક્ત યાદીમાં વધુ વિગતો શાળાઓ ઉમેરી શકે છે.

**(બ) માળખાકીય આકારણી-**

મકાનના માળખાકીય ઘટકો મકાનના માળખાકીય અંગો છે કે જેથી મકાન બનેલું છે. તેમાં પાયો, કોલમ્સ, બીમ્સ, ફ્લોરની પધ્ધતિ, છતની પધ્ધતિ તથા માળખાકીય અંગ, મકાનના સંપૂર્ણ માળખાને ધરાશાયી કરી શકે છે. મકાનના આ માળખાકીય અંગોના ક્યાસને માળખાકીય ક્યાસ તરીકે ઓળખવામાં આવે છે.

| **ક્રમાંક** | **માળખાકીય સમસ્યાનો પ્રકાર** | **સ્થળ** | **સમસ્યાના ઉકેલ માટે જરૂરી પગલાં** | **જવાબદારી** |
|---|---|---|---|---|
| ૧ | સેસ્મિક બેન્ડની ઉપસ્થિતિ | | | |
| ૨ | ફ્લોટીંગ કોલમ | | | |
| ૩ | શોર્ટ કોલમ | | | |
| ૪ | એક્સપાનશન જોઇન્ટ | | | |
| ૫ | મોટા દરવાજા | | | |
| ૬ | બીમનું કદ | | | |
| ૭ | કોલમનું કદ | | | |
| ૮ | ટૂંકા કોલમનો વધેલો અંતિમ ભાગ | | | |

| | | | | |
|---|---|---|---|---|
| ૯ | સીડી | | | |
| ૧૦ | છાપરૂં | | | |
| ૧૧ | દિવાલમાંથી કોન્ક્રીટ ફુલી જવું (બહાર આવી જવું) | | | |
| ૧૨ | માળની ઊંચાઇ | | | |
| ૧૩ | પેસેજનું કદ | | | |
| ૧૪ | મકાનના કોઇપણ ભાગમાં પડેલી તિરાડ | | | |
| ૧૫ | ખુલ્લા અને કાટ ખાઇ ગયેલા સ્ટીલના સળિયા | | | |

## (સી) શાળા પરિસરની બહાર હોનારતો ઓળખવી.

| ક્રમાંક | હોનારતનો પ્રકાર | સ્થળ | શમન માટેના જરૂરી પગલાં |
|---|---|---|---|
| ૧ | રાસાયણિક ફેક્ટરી | | |
| ૨ | હાઇટેન્શન લાઇન | | |
| ૩ | પેટ્રોલ પમ્પસ | | |
| ૪ | પ્રોસેસિંગ એકમો | | |
| ૫ | જીર્ણ થઇ ગયેલાં મકાનો | | |
| ૬ | નબળા વિજળીના થાંભલા | | |
| ૭ | કૃષિ ઉત્પાદનોના પ્લાન્ટસ | | |
| ૮ | ઓઇલ પાઇપ લાઇન | | |
| ૯ | ખુલ્લી ગટરો/ મોરી | | |
| ૧૦ | ધોરી માર્ગ | | |
| ૧૧ | આપત્તિજનક પદાર્થોના ગોડાઉનો | | |
| ૧૨ | ગેસ પાઇપલાઇન | | |

## (ડી) શાળા અસરગ્રસ્ત થઇ હોય તેવી ભૂતકાળની આપત્તિઓ/ અકસ્માતો

| ક્રમાંક | આપત્તિ/ અકસ્માત | તારીખ | અસરગ્રસ્ત વિદ્યાર્થીઓની સંખ્યા | ઘટનાનું વર્ણન તથા ઘટના દરમ્યાન પ્રતિકાર કેવો હતો તથા ઘટનાનું વર્ણન |
|---|---|---|---|---|
| ૧ | ભૂકંપ | | | |
| ૨ | વાવાઝોડું | | | |
| ૩ | પૂર | | | |
| ૪ | ત્સુનામી | | | |

| | | | | |
|---|---|---|---|---|
| ૫ | વીજળી | | | |
| ૬ | માર્ગ અકસ્માત | | | |
| ૭ | બોમ્બ વિસ્ફોટ | | | |
| ૮ | હુલ્લડો | | | |
| ૯ | આત્મહત્યા | | | |
| ૧૦ | પશુ કરડવું | | | |
| ૧૧ | નાસભાગ | | | |
| ૧૨ | રાસાયણિક અકસ્માત | | | |
| ૧૩ | ફુડ પોઇઝનીંગ | | | |
| ૧૪ | રોગચાળો( સ્વાઇન ફ્લુ, શીતળા, ઓરી, અછબડા વગેરે ) | | | |
| ૧૫ | ન્યુક્લિઅર અને રેડીયોલોજીકલ | | | |

**(ઇ) શાળા પરિસરમાં ભયજનક વિસ્તારો નક્કી કરવા.**

| **ક્રમ** | **ભયજનક વિસ્તારો** | **સ્થળ** | **શમનનાં પગલાં** |
|---|---|---|---|
| ૧ | કેમીસ્ટ લેબ | | |
| ૨ | ફીઝીક્સ લેબ | | |
| ૩ | બાયોલોજી લેબ | | |
| ૪ | સાંકડી સીડીઓ | | |
| ૫ | તુટેલી ખંડીચર થયેલ છતો (ભયજનક, જોખમકારક) | | |
| ૬ | વીજળીના ખુલ્લા વાયરો | | |
| ૭ | રસોડાની જગ્યા | | |
| ૮ | અયોગ્ય લાઇટનીંગવાળા કોરીડોર્સ | | |
| ૯ | અયોગ્ય ચઢાણ | | |

## વિભાગ-૩. તૈયારી (સુસજ્જતા)

સુસજ્જતા એટલે એવી પ્રવૃત્તિઓ કરવી કે જે વિવિધ હોનારતોના જોખમોને ઘટાડે, પ્રતિકાર કામગીરી અસરકારક બનાવે તથા ક્ષમતામાં વૃધ્ધિ કરે તે હેતુ સાથેની હોય છે. આપત્તિ સામેની તૈયારી આપત્તિની અસરો ઘટાડવા માટે આપત્તિની પરિસ્થિતિ ઊભી થાય તે પહેલાં પ્રતિકાર ક્ષમતામાં વધારો કરવો. શાળાના કર્મચારીઓ માટે કોઇપણ આપત્તિની પરિસ્થિતિનો પ્રતિકાર કરવા કટિબધ્ધ થવું એ ખૂબ જ મહત્ત્વની બાબત છે. બાળકો કે જેઓ આવતીકાલનું ભાવિ છે.તેમને સુરક્ષિત શિક્ષણ પર્યાવરણ મળવું જોઇએ તથા કોઇપણ કટોકટીની પરિસ્થિતિનો પ્રતિકાર કરવા માટે થવું જોઇએ. આનો મહાવરો કરવા એવું સૂચન કરવામાં આવે છે કે દરેક શાળાએ, આપત્તિમાં વધુ સારી તૈયારી તથા પ્રતિકાર કરવા માટે પેટા-સમિતિઓ/ ટીમો સહિત શાળા ડીએમ સમિતિની રચના કરવી જોઇએ.

### (એ) શાળા આપત્તિ વ્યવસ્થાપન સમિતિની રચના. (એસડીએમસી)

શાળાએ પ્રતિકાર યોજના અંગે વિવિધ તૈયારીઓ તથા શમન, પ્રવૃત્તિઓના સંચાલન માટે **શાળા આપત્તિ વ્યવસ્થાપન સમિતિની** રચના કરવી રહેવી જોઇએ. એસડીએમસી (**શાળા આપત્તિ વ્યવસ્થાપન સમિતિ**) સમગ્ર વર્ષ દરમિયાન કાર્યરત રહેવી જોઇએ. એસડીએમસીએ (**શાળા આપત્તિ વ્યવસ્થાપન સમિતિ**) શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા અન્ય કર્મચારીઓ આ પ્રકારની પ્રવૃત્તિઓથી સુમાહિતગાર થાય તે માટે વિવિધ પ્રવૃત્તિઓનું સંચાલન તથા કોઇપણ કટોકટીની પરિસ્થિતિ સામે પ્રતિકાર કરવા તેમને તાલીમબધ્ધ કરવા જોઇએ. એસડીએમસીએ (**શાળા આપત્તિ વ્યવસ્થાપન સમિતિ**) વિવિધ સ્ટેક હોલ્ડરોને એક છત્ર નીચે લાવવા જોઇએ કે જેથી દરેક સ્ટેક હોલ્ડરનો સતત પ્રયાસ, શિક્ષણ માટે સલામત વાતાવરણ તથા નિરવ શાંતિ સહિતની શાળા માટેનું વાતાવરણ પણ ઊભું કરી શકે.

| **ક્રમાંક** | **નામ** | **એસડીએમસીમાં હોદ્દો** | **સંપર્ક નંબર** |
|---|---|---|---|
| ૧ | | અધ્યક્ષ (આચાર્ય) | |
| ૨ | | વ્યવસ્થાપક/ કમાન્ડર<br>(ઉપાચાર્ય) | |
| ૩ | | સલામતી અધિકારી<br>રમત ગમત શિક્ષક | |
| ૪ | | શાળા વહીવટદાર | |
| ૫ | | ડીપીઇઓ/ ડીઇઓ અથવા તેમના પ્રતિનિધિ | |
| ૬ | | ટીડીઓ અથવા તેમના પ્રતિનિધિ | |
| ૭ | | પંચાયતના પ્રતિનિધિ | |
| ૮ | | નજીકના ફાયર સ્ટેશનના પ્રતિનિધિ | |
| ૯ | | નજીકના પોલિસ સ્ટેશનના પ્રતિનિધિ | |
| ૧૦ | | નજીકના આરોગ્ય કેન્દ્રના પ્રતિનિધિ | |
| ૧૧ | | વાલી- શિક્ષકમંડળના પ્રમુખ | |

| | | | |
|---|---|---|---|
| ૧૨ | | વિજ્ઞાન શિક્ષક | |
| ૧૩ | | જાગૃતિ કેળવણી તથા સંદેશા વ્યવહાર ટુકડીના વડા | |
| ૧૪ | | પ્રાથમિક સારવાર ટુકડીના વડા | |
| ૧૫ | | શોધ અને બચાવ ટુકડીના વડા | |
| ૧૬ | | સ્થળાંતર ટુકડીના વડા | |
| ૧૭ | | સ્થળ સુરક્ષા ટુકડીના વડા | |
| ૧૮ | | વાહનવ્યવહાર વ્યવસ્થાપન ટુકડીના વડા | |
| ૧૯ | | આગ સુરક્ષા ટુકડીના વડા | |

## (બી) એસડીએમસી (શાળા આપત્તિ વ્યવસ્થાપન સમિતિ) પેટા સમિતિની રચના

નીચેની પેટા- સમિતિઓ/ ટુકડીઓની રચના કરવી જોઇએ અને તે એસડીએમસી (**શાળા આપત્તિ વ્યવસ્થાપન સમિતિ**) હેઠળ કામગીરી કરશે.

૧. જાગૃતિ કેળવણી તથા સંદેશાવ્યવહાર ટુકડી
૨. પ્રાથમિક સારવાર ટુકડી
૩. શોધ અને બચાવ ટુકડી
૪. સ્થળાંતર ટુકડી
૫. સ્થળ સુરક્ષા ટુકડી
૬. વાહનવ્યવહાર વ્યવસ્થાપન ટુકડી
૭. આગ સામે સુરક્ષા ટુકડી

## (સી) કાયમી જંગમ ચીજવસ્તુઓ

### (૧) શાળા પરિસરમાં ઉપલબ્ધ હોય તેવી કાયમી જંગમ ચીજવસ્તુઓની યાદી.

| ક્રમાંક | કાયમી જંગમ ચીજવસ્તુઓ | સંખ્યા | ભૌતિક પરિસ્થિતિ | શરત |
|---|---|---|---|---|
| ૧ | પ્રાથમિક સારવાર | | | |
| ૨ | આગ શામકો | | | |
| ૩ | બેટરી | | | |
| ૪ | જાડા દોરડાં | | | |
| ૫ | રેતીની ડોલ | | | |
| ૬ | કોમ્પ્યુટર લેબ | | | |
| ૭ | ભૌતિકવિજ્ઞાન લેબ | | | |
| ૮ | રસાયનશાસ્ત્ર લેબ | | | |
| ૯ | જીવવિજ્ઞાન  લેબ | | | |
| ૧૦ | કેન્ટીન (અલ્પાહાર ગૃહ) | | | |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧ | પીવાના પાણીની સુવિધા | | | |
| ૧૨ | શૌચાલય | | | |
| ૧૩ | શાળાનું રમતગમતનું મેદાન | | | |
| ૧૪ | ગ્રંથાલય | | | |
| ૧૫ | શાળામાં ઓરડાઓ (વર્ગ, સ્ટાફ, આચાર્ય, વહીવટીતંત્ર) | | | |
| ૧૬ | છાત્રાલય | | | |

### (૨) શાળા પરિસરની બહાર ૫ કિ.મી.ના અંતરમાં ઉપલબ્ધ વસ્તુઓની યાદી

| **ક્રમાંક** | **કાયમી જંગમ ચીજવસ્તુઓ** | **સંખ્યા** | **ભૌતિક પરિસ્થિતિ** | **શરત** |
|---|---|---|---|---|
| ૧ | હોસ્પિટલ | | | |
| ૨ | પોલિસ સ્ટેશન | | | |
| ૩ | ફાયર સ્ટેશન | | | |
| ૪ | બ્લડ બેંક | | | |
| ૫ | ફાર્મસી | | | |
| ૬ | સ્વૈચ્છિક સંસ્થાઓ (એન.જી.ઓ.) | | | |
| ૭ | નાગરિક સંરક્ષણ | | | |
| ૮ | રેશનની દુકાન | | | |
| ૯ | રેસ્ટોરન્ટ | | | |
| ૧૦ | ધાર્મિક સ્થળ (મંદિર, મસ્જિદ, ચર્ચ વગેરે) | | | |

## ડી. શાળાનો નકશો

શાળાનો નકશો એ યોજનાનો આવશ્યક ભાગ છે. તેમાં સમગ્ર શાળા અને આજુબાજુના વિસ્તારનું પ્રાથમિક પરિસ્થિતિ વિષયક માહિતી (વર્ગીકરણ) હોવું જરૂરી છે. જે પૈકી ૩ પ્રકારના નકશાઓ હોવા જોઇએ કે જે શાળા ડીએમ યોજના હેઠળ તૈયાર કરાવવા જરૂરી છે.

### ૧. શાળાનો ભૌતિક નકશો(જુઓ પરિશિષ્ટ-૨)

**શાળા ભૌતિક નકશામાં નીચેની માહિતીનો સમાવેશ કરવો જોઇએ.**

- શાળામાં વર્ગખંડોની સંખ્યા
- સ્ટાફ રૂમોની સંખ્યા
- આચાર્ય અને ઉપાચાર્યના રૂમ
- શૌચાલય અને અન્ય રૂમ
- ભૌતિકવિજ્ઞાન, રસાયનશાસ્ત્ર, જીવવિજ્ઞાન તથા કોમ્પ્યુટર જેવી વિવિધ લેબ્સ.

- રમતનું મેદાન તથા ખુલ્લી જગ્યા.

**૨. ચીજવસ્તુઓનો નકશો (પરિશિષ્ટ-૩)**

**આ નકશામાં નીચેની માહિતીનો સમાવેશ હોવો જોઇએ.**

- શાળા પરિસરમાં ઉપલબ્ધ આગશામક, દોરડાં, પ્રાથમિક સારવાર પેટી વગેરે જેવી અગત્યના સાધનો.
- ફાયર સ્ટેશન, હોસ્પિટલ/ પીએચસી, પોલિસ સ્ટેશન, નાગરિક સંરક્ષણ કચેરી, ઇ.ઓ.સી. વગેરે જેવા નજીકમાં ઉપલબ્ધ સાધનો.
- નજીકનું બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન, ઓટો રીક્ષા સ્ટેશન.
- શાળા પરિસર નજીક આવેલા તળાવ, નદીઓ, ઉંચા/ નીચા મેદાનો, દરિયાકિનારો વગેરે જેવા ભૌગોલિક સ્થળો.

**૩. સ્થળાંતર નકશો (જુઓ પરિશિષ્ટ-૪)**

**આ નકશામાં નીચેની માહિતી હોવી જોઇએ.**

- સ્થળાંતરમાં બધી જ સીડીઓ, બારી બારણાં દર્શાવેલા હોવા જોઇએ.
- સ્થળાંતરમાં બહાર નીકળવાના માર્ગો સ્પષ્ટ રીતે દર્શાવેલા હોવા જોઇએ.
- સ્થળાંતરમાં વર્ગખંડ, સ્ટાફરૂમ, વગેરેમાંથી બહાર જવાના વિવિધ માર્ગો દર્શાવેલ હોવા જોઇએ.
- સ્થળાંતર નકશો શાળામાં વિવિધ સ્થળોએ રાખવો જોઇએ તથા તેને લાલ રંગમાં “તમે અહીં છો” તે દર્શાવવું જોઇએ કે જેથી જે કોઇ નકશાનો ઉપયોગ કરે તેને નજીકનો બહાર જવાનો માર્ગ તથા સ્થળાંતરનો માર્ગ પણ મળી શકે.
- શક્ય હોય તો વૈકલ્પિક માર્ગો પણ દર્શાવવા.

## ઇ. શાળામાં વિવિધ સુસજ્જતા પ્રવૃત્તિઓ ચલાવવા માટે વાર્ષિક કેલેન્ડર

વિવિધ સુસજ્જતા પ્રવૃત્તિઓ ચલાવવા માટે અન્ય સ્ટેક હોલ્ડરોના પરામર્શમાં રહીને શાળા વહીવટીતંત્ર (એસડીએમસી) દ્વારા વાર્ષિક કેલેન્ડર તૈયાર કરાવવું જોઇએ. આ કેલેન્ડર વિદ્યાર્થીઓની ક્ષમતાવૃધ્ધિમાં મદદ કરશે કતથા વિવિધ સાધનો મારફતે જાગૃતિ પણ કેળવશે.

| મહિનો / સુસજ્જતા પ્રવૃત્તિઓ | જાન્યુ | ફેબ્રુ | માર્ચ | એપ્રિલ | મે | જુન | જુલાઇ | ઓગસ્ટ | સપ્ટે | ઓક્ટો | નવે | ડિસે |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પોસ્ટર | | | | | | | | | | | | |
| ચર્ચા સભા | | | | | | | | | | | | |
| ક્વીઝ | | | | | | | | | | | | |
| ફિલ્મ સ્ક્રીનીંગ | | | | | | | | | | | | |

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| રેલી | | | | | | | | | | | | |
| સ્થળની મુલાકાત | | | | | | | | | | | | |
| મહાનુભાવોના પ્રવચન | | | | | | | | | | | | |
| નિદર્શન | | | | | | | | | | | | |

**એફ. મોકડ્રીલ ચલાવવા માટેની કાર્ય યોજના.**

મોકડ્રીલ એ સુસજ્જતા પ્રવૃત્તિનો ભાગ છે અને તે શાળા સલામતી તથા ક્ષમતાવર્ધન હેઠળ અગત્યની બાબત છે. તેથી, શાળામાં નિયમિત રીતે મોકડ્રીલ્સનું આયોજન કરવું જોઇએ. વિગતવાર માહિતી માટે જીએસડીએમએ દ્વારા તૈયાર કરાયેલ મોકડ્રીલના સંચાલન માટે માર્ગદર્શિકાઓ જુઓ.

| મહિનો / મોકડ્રીલ | જાન્યુ | ફેબ્રુ | માર્ચ | એપ્રિલ | મે | જુન | જુલાઇ | ઓગસ્ટ | સપ્ટે | ઓક્ટો | નવે | ડિસે |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ભૂકંપ | | | | | | | | | | | | |
| આગ | | | | | | | | | | | | |
| પૂર | | | | | | | | | | | | |
| ત્સુનામી | | | | | | | | | | | | |
| વાવાઝોડું | | | | | | | | | | | | |
| ઔદ્યોગિક અકસ્માત | | | | | | | | | | | | |

**જી. ક્ષમતાવર્ધન અને તાલીમ**

શિક્ષકો, વિદ્યાર્થીઓ તથા અન્ય કર્મચારીઓ માટે ક્ષમતાવર્ધન તથા તાલીમ અગત્યની બાબતો છે. કોઇપણ કટોકટીની પરિસ્થિતિના પ્રતિકાર માટે શાળાના કર્મચારીઓ મુળભૂત આપત્તિ વ્યવસ્થાપન કામગીરીમાં તાલીમબધ્ધ હોવા જોઇએ. એસડીએમસીને (**શાળા આપત્તિ વ્યવસ્થાપન સમિતિ**) આપત્તિ વ્યવસ્થાપનની મુળભૂત પરિસ્થિતિના અસરકારક વ્યવસ્થાપન માટે તેમના સંબંધિત ક્ષેત્રોમાં તાલિમબધ્ધ હોવી જોઇએ.

શાળા સંચાલક મંડળે જીએસડીએમએ, સ્થાનિક ફાયર સ્ટેશન, આરોગ્ય કેન્દ્ર, પોલિસ સ્ટેશન તથા નાગરિક સંરક્ષણના પરામર્શમાં રહીને વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા અન્ય કર્મચારીઓ માટે તાલિમ કાર્યક્રમોનું આયોજન કરવું જોઇએ.

આ હેતુ માટે તાલિમ કેલેન્ડર પણ તૈયાર કરવું જોઇએ.

| મહિનો / તાલિમ | જાન્યુ | ફેબ્રુ | માર્ચ | એપ્રિલ | મે | જુન | જુલાઇ | ઓગસ્ટ | સપ્ટે | ઓક્ટો | નવે | ડિસે |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પ્રાથમિક સારવાર તાલિમ | | | | | | | | | | | | |
| શોધ અને બચાવ તાલિમ | | | | | | | | | | | | |
| મુળભૂત આપત્તિ વ્યવસ્થાપન તાલિમ | | | | | | | | | | | | |
| શિક્ષકો માટેની તાલિમ | | | | | | | | | | | | |
| સ્થળાંતર માટેની તાલિમ | | | | | | | | | | | | |
| મુળભૂત સીપીઆર તાલિમ | | | | | | | | | | | | |
| આગ સલામતી માટેની તાલિમ | | | | | | | | | | | | |

## વિભાગ-૪. પ્રતિકાર

પ્રતિકારમાં આગ સેવાઓ, પોલિસ સ્ટેશન, અને અન્ય કટોકટી સેવાઓ જેવી સેવાઓનો એસડીએમસી (**શાળા આપત્તિ વ્યવસ્થાપન સમિતિ**) પેટા સમિતિઓ તથા અન્ય સ્ટેક હોલ્ડર્સની કામગીરીઓનો સમાવેશ થાય છે.

### એ. હોનારત વિશિષ્ટ પ્રતિકાર યોજના.

વિવિધ સમિતિઓ સાથે વધુ સારા સંકલન માટે શાળા પોતાની હોનારત પ્રતિકાર પદ્ધતિની રચના કરી શકે છે. કોઇ પણ આપત્તિના કિસ્સામાં, હોનારત પ્રતિકાર પદ્ધતિ ઉપલબ્ધ વ્યક્તિઓની સંખ્યા તથા સાધનોનાં આયોજન તથા તેના પ્રયોગ માટે ઉપયોગી બની શકે છે. આ એક પ્રકારનું ફ્રેમવર્ક (માળખું) છે. આ ફ્રેમવર્ક, જવાબદારીઓના સંચાલન તથા તેને કાર્યરત કરવા માટે કોઇપણ આપત્તિની પરિસ્થિતિમાં તેનો ઉપયોગ કરી શકાય છે.



હોનારત વિશિષ્ટ પ્રતિકાર યોજના તૈયાર કરાવવો જોઇએ. તેમાં દરેક આપત્તિ માટે માત્ર આખરી અમલીકરણનો સમાવેશ કરાવવો જોઇએ.

## ૧. ભૂકંપ

| | |
|---|---|
| **ભૂકંપ** | ૧. જમીન ધ્રુજવાના પ્રથમ સંકેતથી જ બધી જ ટુકડીઓ કાર્યરત થવી જોઇએ અને શાળામાં ચેતવણીની સાયરન વગાડવી જોઇએ.<br>૨. વર્ગમાં રહેલ વ્યક્તિઓએ ડ્રોપ, કવર, અને હોલ્ડની સ્થિતિમાં આવી જવું જોઇએ.<br>૩. ધ્રુજારી બંધ થયા પછી, બધા જ વર્ગખંડો ખાલી કરાવવા જોઇએ તથા વિદ્યાર્થીઓ/ સ્ટાફને સ્થળાંતર નકશામાં નિર્દિષ્ટ થયેલ વિસ્તારમાં લાવવા જોઇએ.<br>૪. અશક્ત વ્યક્તિઓ માટે ખાસ વ્યવસ્થા કરાવવી જોઇએ.<br>૫. સીડીઓ ઉપર દરેક શિસ્તબધ્ધ હોવા જોઇએ અને શાંતિ તથા ધીરજપૂર્વક બહાર નીકળી જવું જોઇએ.<br>૬. એકત્ર થવાના સ્થળે, વ્યક્તિઓની ગણતરી થવી જોઇએ અને જો કોઇ વ્યક્તિ ન હોય તો તેની જાણ તાત્કાલિક એસડીએમસી અથવા શોધ અને બચાવ ટીમને કરવી જોઇએ. |

## ૨. આગ

| | |
|---|---|
| **આગ** | ૧. આગ લાગ્યાની ખબર પડ્યા પછી તાત્કાલિક, એલાર્મ વગાડવું તથા બધી જ ટુકડીઓ કાર્યરત થવી જોઇએ.<br>૨. સ્થાનિક ફાયર બ્રિગેડ સત્તાવાળાઓને તાત્કાલિક જાણ કરવી જોઇએ.<br>૩. એલાર્મ સાંભળીને બધા જ વિદ્યાર્થીઓએ શિસ્તબધ્ધ રીતે વર્ગખંડમાંથી બહાર નીકળી જવું જોઇએ.<br>૪. જો કોઇ વ્યક્તિ આગમાં સળગવા માંડે તો તે/ તેણી એ જ્યાં સુધી કપડાં પરની આગ બૂઝાય નહીં ત્યાં સુધી જમીન પર સ્ટોપ, ડ્રોપ, અને રોલની ક્રિયા કરવી જોઇએ.<br>૫. અશક્ત વ્યક્તિઓ માટે ખાસ વ્યવસ્થા કરાવવી જોઇએ.<br>૬. સીડીઓ ઉપર દરેક શિસ્તબધ્ધ હોવા જોઇએ અને શાંતિ તથા ધીરજપૂર્વક બહાર નીકળી જવું જોઇએ.<br>૭. એકત્ર થવાના સ્થળે, વ્યક્તિઓની ગણતરી થવી જોઇએ અને જો કોઇ વ્યક્તિ ન |

| | |
|---|---|
| | હોય તો તેની જાણ તાત્કાલિક એસડીએમસી અથવા શોધ અને બચાવ ટીમને કરવી જોઇએ. |

## ૩. ત્સુનામી

| | |
|---|---|
| **ત્સુનામી** | ૧. સ્થાનિક આપત્તિ વ્યવસ્થાપન સત્તાવાળાઓ પાસેથી આગોતરી ત્સુનામીની ચેતવણી મળ્યા પછી, બધી જ ટૂકડીઓ સક્રિય થવી જોઇએ અને ચેતવણીની સાયરન વગાડવી જોઇએ.<br>૨. એલાર્મ સાંભળીને બધા જ વિદ્યાર્થીઓએ શિસ્તબધ્ધ રીતે વર્ગખંડમાંથી બહાર નીકળી જવું જોઇએ.<br>૩. અશક્ત વ્યક્તિઓ માટે ખાસ વ્યવસ્થા કરાવવી જોઇએ.<br>૪. સીડીઓ ઉપર દરેક શિસ્તબધ્ધ હોવા જોઇએ અને શાંતિ તથા ધીરજપૂર્વક બહાર નીકળી જવું જોઇએ.<br>૫. એકત્ર થવાના સ્થળે, વ્યક્તિઓની ગણતરી થવી જોઇએ અને જો કોઇ વ્યક્તિ ન હોય તો તેની જાણ તાત્કાલિક એસડીએમસી અથવા શોધ અને બચાવ ટુકડીને કરવી જોઇએ.<br>૬. વાહનવ્યવહાર વ્યવસ્થાપન ટુકડીઓ વિદ્યાર્થીઓને ત્સુનામીના વિસ્તારમાંથી દૂરના સલામત સ્થળે લઇ જવા જોઇએ. |

## ૪. વાવાઝોડું

| | |
|---|---|
| **વાવાઝોડું** | ૧. સ્થાનિક આપત્તિ વ્યવસ્થાપન સત્તાવાળાઓ પાસેથી આગોતરી વાવાઝોડાની ચેતવણી મળ્યા પછી, બધી જ ટુકડીઓ સક્રિય થવી જોઇએ અને ચેતવણીની સાયરન વગાડવી જોઇએ.<br>૨. એલાર્મ સાંભળીને બધા જ વિદ્યાર્થીઓએ શિસ્તબધ્ધ રીતે વર્ગખંડમાંથી બહાર નીકળી જવું જોઇએ.<br>૩. કોમ્પ્યુટર, મોબાઇલ, લેન્ડલાઇન્સ વગેરે જેવા વીજળીના સાધનોનો ઉપયોગ બંધ કરવો જોઇએ કારણ કે વીજપ્રવાહથી શોર્ટ સર્કીટ થવાનો સંભવ રહે છે જે ગંભીર ઇલેક્ટ્રીક આંચકો સર્જી શકે છે.<br>૪. અશક્ત વ્યક્તિઓ માટે ખાસ વ્યવસ્થા કરાવવી જોઇએ.<br>૫. સીડીઓ ઉપર દરેક શિસ્તબધ્ધ હોવા જોઇએ અને શાંતિ તથા ધીરજપૂર્વક બહાર |

| | |
|---|---|
| | નીકળી જવું જોઇએ.<br>૬. એકત્ર થવાના સ્થળે, વ્યક્તિઓની ગણતરી થવી જોઇએ અને જો કોઇ વ્યક્તિ ન હોય તો તેની જાણ તાત્કાલિક એસડીએમસી અથવા શોધ અને બચાવ ટુકડીને કરવી જોઇએ.<br>૭. વાહનવ્યવહાર વ્યવસ્થાપન ટુકડીઓ વિદ્યાર્થીઓને વાવાઝોડાંના વિસ્તારમાંથી દૂરના સલામત સ્થળે લઇ જવા જોઇએ. |

## ૫. પૂર

| | |
|---|---|
| **પૂર** | ૧. સ્થાનિક આપત્તિ વ્યવસ્થાપન સત્તાવાળાઓ પાસેથી આગોતરી સુનામીની ચેતવણી મળ્યા પછી, બધી જ ટુકડીઓ સક્રિય થવી જોઇએ અને ચેતવણીની સાયરન વગાડવી જોઇએ.<br>૨. એલાર્મ સાંભળીને બધા જ વિદ્યાર્થીઓએ શિસ્તબધ્ધ રીતે વર્ગખંડમાંથી બહાર નીકળી જવું જોઇએ.<br>૩. સીડીઓ ઉપર દરેક શિસ્તબધ્ધ હોવા જોઇએ અને શાંતિ તથા ધીરજપૂર્વક બહાર નીકળી જવું જોઇએ.<br>૪. એકત્ર થવાના સ્થળે, વ્યક્તિઓની ગણતરી થવી જોઇએ અને જો કોઇ વ્યક્તિ ન હોય તો તેની જાણ તાત્કાલિક એસડીએમસી અથવા શોધ અને બચાવ ટુકડીને કરવી જોઇએ.<br>૫. અચાનક પૂર આવે તો, પૂરગ્રસ્ત વિસ્તારોને ખાલી કરો અને લોકોને મકાનના ઉપરના માળે શીફ્ટ કરો અને કટોકટી બચાવ સેવાઓ મેળવવા રાહ જુઓ. |

## ૬. બોમ્બની ધમકી

| | |
|---|---|
| **બોમ્બની ધમકી** | ૧. શાળામાં બોમ્બ હોવાની ચેતવણી મળ્યા પછી તાત્કાલિક નજીકના પોલિસ સ્ટેશન તથા ફાયર બ્રિગેડના જાણ કરો અને બધી જ ટુકડીઓને કાર્યરત કરો.<br>૨. એલાર્મ સાંભળીને બધા જ વિદ્યાર્થીઓએ શિસ્તબધ્ધ રીતે વર્ગખંડમાંથી બહાર નીકળી જવું જોઇએ.<br>૩. શાળામાંથી બધી જ વ્યક્તિઓનું સ્થળાંતર ન થાય ત્યાં સુધી તથા શાળામાં કટોકટીની સેવાઓ ન મળે ત્યાં સુધી કોઇપણ વસ્તુને અડકશો નહીં.<br>૪. અશક્ત વ્યક્તિઓ માટે ખાસ વ્યવસ્થા કરાવવી જોઇએ.<br>૫. સીડીઓ ઉપર દરેક શિસ્તબધ્ધ હોવા જોઇએ અને શાંતિ તથા ધીરજપૂર્વક બહાર નીકળી જવું જોઇએ. |

| | |
|---|---|
| | ૬. એકત્ર થવાના સ્થળે, વ્યક્તિઓની ગણતરી થવી જોઇએ અને જો કોઇ વ્યક્તિ ન હોય તો તેની જાણ તાત્કાલિક એસડીએમસી અથવા શોધ અને બચાવ ટુકડીને કરવી જોઇએ. |

**૭. રોગચાળો**

| | |
|---|---|
| **રોગચાળો** | ૧. વિદ્યાર્થીઓને ઘેર રહેવાની સલાહ આપવી જોઇએ તથા કોઇ લક્ષણ જણાય તો ડોક્ટરનો સંપર્ક સાધવા કહેવું<br>૨. શિક્ષકોએ કોઇપણ રોગચાળો ફેલાય તો સામે સાવચેત રહેવું જોઇએ અને તેમણે વિદ્યાર્થીઓને લક્ષણો અંગે તથા ઉપાયોના પગલાંઓ વિષે જાગૃત કરવા જોઇએ.<br>૩. વિદ્યાર્થીઓ કોઇપણ લક્ષણોથી પીડાય તો તેમને વર્ગખંડમાંથી અન્ય બાળકો પાસેથી દૂર લઇ જવા જોઇએ.<br>૪. શાળાના બધા જ વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા અન્ય કર્મચારીઓની નિયમિત તબીબી ચકાસણી માટે જોગવાઇ હોવી જોઇએ. |

**બી. શાળાનું શિક્ષણ કાર્ય સતત ચાલી રહે તે માટે વૈકલ્પિક વ્યવસ્થા.**

કોઇપણ હોનારત થયા પછી, વિદ્યાર્થીઓના રોજના વર્ગો સતત ચાલુ રહે તે ખૂબ જ અગત્યનું છે. હોનારતની અસર હોવા છતાં પણ શિક્ષણ આપવા માટે શાળાઓ પાસે આકસ્મિક યોજના હોવી જોઇએ.

- વર્ગો ચલાવવા માટે સરકાર, સ્વૈચ્છિક સંસ્થાઓને(એન.જી.ઓ.) લોકો વગેરે જેવી વિવિધ એજન્સીઓના પરામર્શમાં રહીને વૈકલ્પિક સ્થળો નક્કી કરવા જોઇએ.
- વૈકલ્પિક સ્થળોએ લેસન આપવા માટે ખાસ જોગવાઇ અને વ્યવસ્થા કરવી જોઇએ.
- શાળા પરિસરની નજીક અથવા અંદર યોગ્ય સ્થળોએ શિક્ષણ ચાલુ રાખવા માટે હંગામી આશ્રયસ્થાનો બાંધવા જોઇએ તથા વર્ગખંડ તરીકે તેનું સંચાલન થવું જોઇએ.

**સી. સરકાર અને કટોકટી/ હોનારતોની માહિતી આપવી.**

શાળામાં કોઇપણ આપત્તિ આવે અથવા કોઇપણ કટોકટીજી પરિસ્થિતિ સર્જાય તો તેની જાણ સ્થાનિક જિલ્લા વહીવટીતંત્ર, જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્રને (ઇઓસી) કરવી જોઇએ. શાળાએ એક ચોક્કસ પત્રકમાં ઘટના, ગંભીરતા, તારીખ અને સમય, અસર પામેલા લોકોની સંખ્યા, તેમણે આપત્તિનો પ્રતિકાર કેવી રીતે કર્યો વગેરેનો અહેવાલ જિલ્લા વહીવટી તંત્રને આપવો જોઇએ. પત્રકના નમૂના માટે પરિશિષ્ટ- ૧ જુઓ.

## ડી. અશક્ત બાળકો માટે ખાસ જોગવાઇ-

આપત્તિની પરિસ્થિતિમાં અશક્ત વ્યક્તિઓ અત્યંત અસમર્થ હોય છે. આપત્તિ વ્યવસ્થાપનમાં આ બાબત પ્રત્યે મહદઅંશે યોગ્ય પૂરતું ધ્યાન આપવામાં આવતું નથી. હાલની ડીએમ યોજનાઓ એ બાબત સત્ય હોવા છતાં કે હોનારતો હંમેશાં નવી નવી મુશ્કેલીઓ સર્જી શકે છે આમ છતાં પણ તેના બદલે અશક્ત નિર્બળ લોકોની જરૂરિયાતો પ્રત્યે ખૂબજ ઓછું ધ્યાન આપવામાં આવે છે જેથી આવા વધુ કિસ્સા ન બને તથા પ્રવર્તમાન સ્થિતિને અંકુશમાં લેવા કોઇપણ ડીએમ પ્લાનમાં અશક્ત લોકો માટે ખાસ જોગવાઇઓનો સમાવેશ થવો જોઇએ.

કેટલાંક મુખ્ય મુદ્દાઓ કે જે ખાસ ધ્યાન આપવા જેવાં છે તે નીચે મુજબ છે.

૧. શાળાનું મકાન ડિઝાઇન (પ્લાન) એવી રીતે તૈયાર કરવો જોઇએ કે તેમાં અશક્ત લોકો માટે અવર-જવર તથા પહોંચવાનની ક્ષમતાનો ખ્યાલ રાખવો જોઇએ.

૨. શાળાના મકાનમાં અશક્ત વ્યક્તિઓ વિના મુશ્કેલીથી સરળતાથી પ્રવેશી શકે તથા બહાર જઇ શકે તેવી ખાસ જોગવાઇ કરવી જોઇએ તથા શાળા પરિસર તથા તેની આજુબાજુ પણ તેઓ મુક્ત રીતે ફરી શકે તેવી જોગવાઇ કરવી જોઇએ.

૩. તેમના માટે સરળતાથી તેઓ પાણી પી શકે તથા શૌચાલય સવલતની જોગવાઇ પણ કરવી જોઇએ.

૪. એક પરિસ્થિતિમાં અસમર્થતાને અનુકુળ થવા હંમેશા મિત્રાચાર ભર્યું વર્તન રાખો.

૫. અસમર્થતાની મુખ્ય બાબત વિષે શાળા પરિવાર તથા અન્ય સ્ટેક હોલ્ડર્સને જાગૃત કરો.

૬. તેમની ક્ષમતા વધારવા માટે તાલિમ કાર્યક્રમોનું આયોજન કરો.

૭. અસમર્થતા અંગે વાલીઓ, વિદ્યાર્થીઓ તથા સ્થાનિક લોકો માટે જાગૃત્તિ કેળવણી કાર્યક્રમોનું આયોજન કરો.

૮. જીએસડીએમએ/ સ્થાનિક જિલ્લા વહીવટી તંત્રની મદદથી જુદીજુદી હોનારતોના સમય દરમિયાન અસમર્થતા અંગેની કાળજી વિષે માહિતીના પ્રસાર માટે ખાસ આઇ.ઇ.સી. સાહિત્ય તૈયાર કરો.

## વિભાગ- ૫ શમન

### (એ) બિન- માળખાકીય શમનના પગલાં.

૧. ઇન્સ્યુલેટેડ વીજળીના વાયરો તથા ટ્રાન્સફોર્મર્સ સહિત વીજળીના સાધનો યોગ્ય રીતે સુરક્ષિત રાખો.
૨. પાણી વહન કરતી પાઇપો/ પાઇપીંગ દિવાલ અથવા જમીન સાથે યોગ્ય રીતે ફીટીંગ કરો.
૩. ફ્રેમ સાથે છાજલીઓનું યોગ્ય રીતે ફીટીંગ કરો.
૪. દિવાલમાં ફીટ કરવાના કેબિનેટ્સનું દિવાલ સાથે યોગ્ય રીતે ફીટીંગ કરો.
૫. દિવાલ પર લગાવવા માટેનું ટીવી, સ્ક્રીન યોગ્ય રીતે ફીટ કરો.
૬. આગ શામકને બ્રેકેટમાં યોગ્ય રીતે ગોઠવીને ફીટ કરો.
૭. ફાઇલોના ઘોડાઓ એક સાથે રહે તે રીતે દિવાલ પર તેનું યોગ્ય રીતે ફીટીંગ કરો.
૮. પુસ્તકોના ઘોડાઓ એક પછી એક રાખો અને દીવાલ પર તેને યોગ્ય રીતે ફીટ કરો.
૯. કોમ્પ્યુટરને ચૂસ્ત અને યોગ્ય રીતે ટેબલ ઉપર ગોઠવો તથા આ ટેબલ સુરક્ષિત સ્થળે તથા કાળજી ભરી રીતે રાખો.
૧૦. પાણીની ટાંકીઓ કાળજીપૂર્વક શુધ્ધ, નિયંત્રિત તથા વ્યવસ્થિત રાખો.

### (બ) સલામતી ઓડીટ-

સલામતી ઓડીટએ શમનનાં પગલાંનું અગત્યનું પાસું છે તે ભૌગોલિક જોખમ સામે શાળા કેટલી સલામત છે તે નક્કી કરે છે. અસમર્થતાનો ક્યાસ કાઢવાના હેતુથી સમયાંતરે સલામતી ઓડીટ કરવું ખૂબજ જરૂરી છે.

નીચે મુજબના કેટલાંક સલામતી ઓડીટસનું સૂચન કરવામાં આવે છે કે જે વિવિધ એજન્સીઓના પરામર્શમાં રહીને કરી શકાય છે.

૧. મકાનનું ઓડીટ- તે પીડબલ્યુડી/ આર એન્ડ બી, મ્યુનિસિપલ એન્જિનિયર, સ્થાનિક એન્જિનિયરીંગ કોલેજની સહાયથી કરી શકાય છે.
૨. આગ સલામતી ઓડીટ- તે સ્થાનિક આગ વિભાગની સહાયથી કરી શકાય છે.
૩. મધ્યાહન ભોજન ખોરાકની ચકાસણી- તે સંબંધિત વિસ્તારના મધ્યાહન ભોજન નિરીક્ષક/ આરોગ્ય અધિકારી મારફતે કરી શકાય છે.
૪. પીવાના પાણીની ચકાસણી- મહાનગરપાલિકા/ નગરપાલિકા મારફતે કરી શકાય છે.
૫. શૌચાલય ચકાસણી- શાળા વહીવટી તંત્ર દ્વારા કરી શકાય છે.
૬. વિજળીક સલામતી ઓડીટ- તે વીજળી વિભાગ, સ્થાનિક એન્જિનિયરીંગ કોલેજની સહાયથી કરી શકાય છે.

| ઓડીટનો પ્રકાર | સૂચિત સમયગાળો |
|---|---|
| શાળાના મકાનનું ઓડીટ | ૩ વર્ષમાં એક વખત |
| આગ સલામતી ઓડીટ | ૧ વર્ષમાં એક વખત |

| | |
|---|---|
| મધ્યાહન ભોજન રસોઇની ચકાસણી | દર મહિને |
| પીવાના પાણીની ચકાસણી | દર મહિને |
| શૌચાલય ચકાસણી | દર મહિને |
| વિજળીક સલામતી ઓડીટ | વર્ષમાં એક વખત |

**<u>પરિશિષ્ટ-૧</u>**

સરકારને કટોકટી/ આપત્તિની જાણ કરવા માટેનું પત્રક

| | | | |
|---|---|---|---|
| શાળાનું નામ | | | |
| શાળાનું સરનામું- | | | |
| સંપર્ક- | | | |
| તારીખ | | | |
| સમય | | | |
| અસરગ્રસ્ત લોકોની સંખ્યા | | | |
| મૃત્યુ | શિક્ષકો | વિદ્યાર્થીઓ | અન્ય સ્ટાફ |
| | | | |
| ઘવાયેલ વ્યક્તિઓ | | | |
| | | | |
| **ઘટના/ આપત્તિનો પ્રકાર** | | | |
| પ્રતિકાર સંસ્થાઓ | ૧. | | |
| | ૨. | | |
| | ૩. | | |
| | ૪. | | |
| | ૫. | | |
| **શાળાને થયેલ નુકશાન** | | | |

**ઘટનાનું વર્ણન કરો.**

**<u>પ્રતિકારનું વર્ણન કરો.</u>**

**પરિશિષ્ટ-૨**

શાળાનો નમૂનારૂપ ભૌતિક નકશો




અંગ્રેજી એમ.એસ.એસ. મુજબ નકશો મૂકવો.

## પરિશિષ્ટ-૩



GSDMA

SAFE SCHOOL
GUJARAT SCHOOL SAFETY INITIATIVE

**પરિશિષ્ટ-૪**






**પરિશિષ્ટ-૫**

૧. વિવિધ ટુકડીઓ તથા સંકલન તંત્રની ભૂમિકા તથા જવાબદારીઓ નક્કી કરવી.

**એ. જાગૃત્તિ કેળવણી અને સંદેશાવ્યવહાર ટુકડી.**

- **ટુકડીના સભ્યો- ૨-૩ શિક્ષકો તથા ૫-૬ વિદ્યાર્થીઓ.**

**આપત્તિ પહેલાં-**

- શાળાનો નકશો, સ્થળાંતર પ્લાન, બિલ્ડીંગ પ્લાન, વિદ્યાર્થીઓ, શિક્ષકો, અન્ય કર્મચારીઓ, વર્ગખંડોની સંખ્યા, લેબ્સ તથા નજીકનું ફાયરસ્ટેશન, હોસ્પિટલ, પોલિસ સ્ટેશન વગેરે મેળવો.
- જીએસડીએમએ/ જિલ્લા તંત્રના પરામર્શમાં પોસ્ટર્સ, પુસ્તિકા, ચોપાનિયા, પેઇન્ટીંગ, પેમ્ફ્લેટસ, ચાર્ટસ વગેરે જેવું આઇ.ઇ.સી. સાહિત્ય એકત્ર કરો અને તૈયાર કરો.
- વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા અન્ય કર્મચારીઓ માટે શાળા સંચાલકોના સંકલન દ્વારા આપત્તિ વ્યવસ્થાપન સંબંધિત પેઇન્ટીંગ, ચર્ચા-સભા, નિબંધ, અંતકડી, સુત્રો વગેરે જેવી પ્રવૃત્તિઓનું આયોજન કરો.
- સ્થાનિક પ્રતિનિધિઓ, ફાયર સ્ટેશન, પોલિસ ડીપાર્ટમેન્ટ, રોટરીક્લબ વગેરેના સંકલન દ્વારા શાળાના કર્મચારીઓ માટે જાગૃત્તિ કેળવણી કાર્યક્રમો યોજો.
- પ્રાથમિક સારવારની ટેકનિક્સ પર વિદ્યાર્થીઓ તથા શિક્ષકો માટે આરોગ્ય શિબિરો યોજો.
- તેમની નિયમિત રીતે ડ્રીલ્સ કરાવવા અન્ય ટુકડીઓને મદદ કરો.
- ભૂકંપ, પૂર અથવા અન્ય કોઇ હોનારત અંગે દૈનિક હવામાન, અહેવાલો વિષે શાળાને છેલ્લામાં છેલ્લી આધુનિક માહિતીથી સુસજ્જ રાખો.
- કટોકટી દરમિયાન વધુ સારા સંદેશાવ્યવહાર તથા સંકલન માટે ટુકડીના સભ્યોના સંપર્કની વિગતો વિષે બધા જ વિદ્યાર્થીઓના વાલીઓના સંપર્કની વિગતોની યાદી તૈયાર કરો અને વાલીઓને તે બાબતોની જાણ કરો.

**આપત્તિ દરમિયાન-**

- યોગ્ય ચેતવણી પધ્ધતિઓથી શાળા અને અધિકારીઓને સાવધ કરો.
- કટોકટીમાં તેમની ફરજો બજાવવામાં અન્ય ટુકડીઓને સહાય કરો.

**આપત્તિ પછી-**

- પરિસ્થિતિને કાબૂ હેઠળ રાખો અને તબીબી પ્રાથમિક સારવાર, શોધ અને બચાવ વગેરે જેવી આપત્તિ બાદની પ્રવૃત્તિઓ માટે કટોકટી પ્રતિકારકો સાથે સતત સંપર્ક રાખો.

## બી. પ્રાથમિક સારવાર ટુકડી

- **ટુકડીના સભ્યો- ૨-૩ શિક્ષકો તથા ૫-૬ વિદ્યાર્થીઓ.**

**આપત્તિ પહેલાં-**

- પ્રાથમિક સારવારના સાધનો શાળામાં રાખવા જોઇએ. (જ્યાં સરળતાથી પહોંચી શકાય તથા બધાને ખબર હોય તેવા સ્થળે)
- આરોગ્ય ક્ષેત્રે કાર્ય કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ (એન.જી.ઓ) / સ્થાનિક આરોગ્ય વિભાગ/ ફાયરબ્રિગેડ દ્વારા મૂળભુત પ્રાથમિક સારવારની ટેકનિક્સમાં ટુકડીના બધા જ સભ્યો તાલીમબધ્ધ હોવા જોઇએ.
- આ ટુકડીના બધા જ સભ્યોને રીફ્રેશર તાલીમ નિયમિત રીતે આપવી જોઇએ.
- અસરકારકતા અને ક્ષમતામાં વૃધ્ધિ કરવા નિયમિત ડ્રીલ્સ યોજો.

**આપત્તિ દરમિયાન-**

- શાળામાં યોગ્ય કક્ષાએ કટોકટી પ્રાથમિક સારવારની જગ્યા ઉભી કરો.
- ઘાયલ થયેલ વ્યક્તિઓના પ્રમાણ પર આધારિત પ્રાથમિક સારવાર સુવિધા પૂરી પાડો.

**આપત્તિ પછી-**

- ઘાયલ થયેલ વ્યક્તિઓના પ્રમાણ પર આધારિત નજીકના આરોગ્ય કેન્દ્ર/ હોસ્પિટલમાંથી સહાય મેળવો અથવા ૧૦૮ પર ફોન કરો.
- ઘવાયેલ વ્યક્તિઓની સારવાર માટે કેન્દ્ર સ્થાપવા યોગ્ય સ્થળ નક્કી કરો.
- બધા જ કેસો તથા અપાયેલ સારવારની નોંધ રાખો.
- ગંભીર રીતે ઘવાયેલા લોકો માટે વાહનવ્યવહાર ટુકડીની મદદ વડે ૧૦૮ના સંકલનમાં તેમને નજીકની આરોગ્ય હોસ્પિટલમાં દાખલ કરો.

## સી. શોધ અને બચાવ ટુકડી

- **ટુકડીના સભ્યો- ૨-૩ શિક્ષકો તથા ૫-૬ વિદ્યાર્થીઓ.**

**આપત્તિ પહેલાં-**

- શાળા પ્રવેશ, બહાર જવાના દરવાજા, સીડી, પેસેજ દરવાજા, બારી બારણા વગેરે દર્શાવતા મકાનનો પ્લાન તથા શાળા સ્થળાંતર પ્લાનની નકલ મેળવો.
- દરેક વર્ગમાં વિદ્યાર્થીઓની સંખ્યા, શિક્ષકો, અન્ય કર્મચારીઓ, વર્ગખંડો, લેબ્સની સંખ્યાની માહિતી મેળવો.

- વર્ગખંડો, લેબ્સ, શાળાના દરવાજાની બધીજ ચાવીઓ યોગ્ય જગ્યાએ હોવી જોઇએ કે જેથી તે સહેલાઇથી મળી શકે અને સમગ્ર ટુકડીના સભ્યોને તેની જાણકારી હોવી જોઇએ.
- સીસોટી, બચાવ હેલ્મેટ્સ, ટોર્ચ, ફાનસ, દોરડા તથા સીડી (બે માળના મકાનના કિસ્સામાં) જેવાં અગત્યના સાધનો તથા અશક્ત લોકોને બચાવવા જરૂરી સાધનો તૈયાર રાખવા જોઇએ.
- ટુકડીના સભ્યો, સ્થાનિક આગ વિભાગ દ્વારા મૂળભુત પાયાની શોધ અને બચાવની ટેકનિક્સમાં તાલીમબધ્ધ હોવા જોઇએ.
- અસરકારકતાની ચોકસાઇ કરવા તથા વધુ સારા સંકલન મેળવવા મોકડ્રીલ્સ નિયમિત રીતે યોજાવવી જોઇએ.

**<u>હોનારત દરમિયાન-</u>**

- પરિસ્થિતિ પ્રમાણે શોધ અને બચાવની કામગીરી કરો.
- અશક્ત લોકો પ્રત્યે અન્ય લોકો કરતાં વધુ સારૂં ધ્યાન આપવું જોઇએ. અશક્ત લોકોને વધુ સારા સલામત સ્થળે લઇ જવા જોઇએ.

**<u>આપત્તિ પછી-</u>**

- બધા રૂમો ચેક કરવા જોઇએ કે જેથી કોઇપણ બાળકો રૂમમાં રહી ન જાય.
- ગંભીર રીતે ઘવાયેલ લોકો ને તબીબી સહાય માટે પ્રાથમિક સારવાર ટુકડીને સોંપવા જોઇએ.
- રાહત બચાવ કામગીરી દરમિયાન જો કોઇ બોધપાઠ શીખવા મળયો હોય તો તે મુજબ બચાવના નિયમોને અદ્યતન કરો.

## ડી. સ્થળાંતર ટુકડી

- **ટુકડીના સભ્યો- ૨-૩ શિક્ષકો અને ૫-૬ વિદ્યાર્થીઓ**

**<u>આપત્તિ પહેલાં-</u>**

- શાળા પ્રવેશ, બહાર જવાના દરવાજા, સીડી, પેસેજ, દરવાજા, બારી બારણા વગેરે દર્શાવતા મકાનનો પ્લાન તથા શાળા સ્થળાંતર પ્લાનની નકલ મેળવો.
- દરેક વર્ગમાં વિદ્યાર્થીઓની સંખ્યા, શિક્ષકો, અન્ય કર્મચારીઓ, વર્ગખંડો, લેબ્સની સંખ્યાની માહિતી મેળવો.
- વર્ગખંડો, લેબ્સ, શાળાના દરવાજાની બધીજ ચાવીઓ યોગ્ય જગ્યાએ હોવી જોઇએ કે જેથી તે સહેલાઇથી મળી શકે અને સમગ્ર ટુકડીના સભ્યોને તેની જાણકારી હોવી જોઇએ.
- હોનારતોનો ક્યાસ કાઢીને દિવાલ પર સાઇન પોસ્ટર્સ મૂકવા જોઇએ કે જેથી દરેક રૂમમાંથી વ્યક્તિઓ સરળ અને વહેલાં સ્થળાંતર માટે માર્ગદર્શન મેળવી શકે.
- અશક્ત(અસમર્થ) વ્યક્તિઓની જરૂરિયાતોને અગત્યતા આપીને સ્થળાંતર માટે જરૂરી વસ્તુઓ પહોંચાડવા માટે વ્યવસ્થા કરો.

- જુદી જુદી હોનારતો માટે અન્ય ટુકડીઓના પરામર્શમાં નિયમિત રીતે સ્થળાંતર ડ્રીલ્સ કરાવવી જોઇએ.

**<u>આપત્તિ દરમિયાન-</u>**

- પ્રેક્ટીસ ડ્રીલ્સમાં નક્કી કરાયેલ પધ્ધતિ મુજબ લોકોનું સ્થળાંતર કરો.
- છેલ્લામાં છેલ્લો વિદ્યાર્થી સુરક્ષિત જગ્યાએ પહોંચે ત્યાં સુધી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપો.

**<u>આપત્તિ પછી-</u>**

- બધી જ સ્થળાંતર કરાયેલ વ્યક્તિોની ગણતરી કરો અને શાળાના રેકોર્ડમાં જણાવેલ ખરેખર સંખ્યા સાથે તેને મેળવી જુઓ.
- જો સંખ્યામાં કોઇ વિસંગતતા જણાય તો તેની શોધ અને બચાવ ટુકડીને જાણ કરો.

સ્થળાંતર પધ્ધતિ(કાર્યવિધિ)નું વ્યવસ્થાપન કરો અને ખાસ મુદ્દાઓની નોંધ કરો કે જે પ્રેક્ટીસ કરાયેલ ડ્રીલ્સમાં ન હોતા

### ઇ. સ્થળ સુરક્ષા ટુકડી

- **ટુકડીના સભ્યો- ૨-૩ શિક્ષકો અને ૫-૬ વિદ્યાર્થીઓ**

**<u>આપત્તિ પહેલાં-</u>**

- શાળા પ્રવેશ, બહાર જવાના દરવાજા, સીડી, પેસેજ દરવાજા, બારી બારણા વગેરે દર્શાવતા મકાનનો પ્લાન તથા શાળા સ્થળાંતર પ્લાનની નકલ મેળવો.
- દરેક વર્ગમાં વિદ્યાર્થીઓની સંખ્યા, શિક્ષકો, અન્ય કર્મચારીઓ, વર્ગખંડો, લેબ્સની સંખ્યાની માહિતી મેળવો.
- વર્ગખંડો, લેબ્સ, શાળાના દરવાજાની બધીજ ચાવીઓ યોગ્ય જગ્યાએ હોવી જોઇએ કે જેથી તે સહેલાઇથી મળી શકે અને સમગ્ર ટુકડીના સભ્યોને તેની જાણકારી હોવી જોઇએ.
- કટોકટીના સમયે શાળામાંથી વિદ્યાર્થીઓને બહાર કાઢવા માટે વાહન વ્યવહાર વ્યવસ્થાપન ટુકડીને સામેલ રાખી માર્ગદર્શિકા તૈયાર કરો તેમજ માર્ગદર્શિકાથી માતા-પિતા તેમજ વાલિઓ ને અવગત કરો.
- કટોકટીના સમયે સુચારુ સંચાલન માટે વિદ્યાર્થીઓ તેમજ માતા-પિતાઓના સંપર્ક માટે તેમના સંપર્કની માહિતીની યાદી તૈયાર કરો તેમજ આ યાદી સ્થળ સુરક્ષા ટુકડીના સભ્યોને પૂરી પાડો.

**<u>આપત્તિ દરમિયાન-</u>**

- શાળા પરિસરમાં અંદર તથા બહાર જવાનો માર્ગ નિયંત્રિત કરો તથા તેને માત્ર કટોકટીની સેવાઓ માટે જ ઉપલબ્ધ બનાવો .
- ટોળાનું સંચાલન કરવા સ્થાનિક પોલિસ અથવા ફાયર બ્રિગેડની મદદ લો.

**આપત્તિ પછી-**

- અંદર તથા બદાર જવાનો માર્ગને નિયંત્રિત કરો શાળા પરિસરને સલામત સુરક્ષિત બનાવો.
- માતા-પિતા તથા વાલીઓ સાથેના વ્યવહાર માટે દરવાજા પર ટુકડીનાં ૨ સદસ્યોને રાખો તથા ફાયર બ્રિગેડ, પોલિસ કર્મચારીઓ તથા અન્ય સંબંધિત એજન્સીઓ સાથે જોખમવાળા વિસ્તારોમાં પહોંચવા માટે તેમની સાથે સંકલન કરો.

**એફ. વાહન વ્યવહાર વ્યવસ્થાપન ટુકડી-**

ટુકડીના સભ્યો- સ્કૂલ બસમાં જતા શિક્ષકો તથા દરેક ધોરણમાંથી ૨ વિદ્યાર્થીઓ.

**આપત્તિ પહેલાં-**

- બધી જ નજીકની હોસ્પિટલો, આરોગ્ય કેન્દ્રો, પોલિસ સ્ટેશન્સ ફાયર બ્રિગેડ, બસડેપો તેમજ વિદ્યાર્થીઓના વાલીઓ વગેરેની સંપર્ક યાદી તૈયાર કરો તથા તેમની સાથે સંપર્ક કેળવો.
- શાળામાં ઉપલબ્ધ બધા જ વાહનો માટે માર્ગદર્શક નકશો તૈયાર કરો તથા તેમને પહોંચવાના સ્થળનું નકશામાં નિર્દેશન કરો. પ્રતિબંધિત વિસ્તાર અંગેના કિસ્સામાં વૈકલ્પિક માર્ગ પણ નકશામાં દર્શાવો.
- વાહનોના બધાજ કર્મચારીઓને માર્ગદર્શક નકશાથી વાકેફ કરો કે જેથી તેમને નજીકના માર્ગની પણ જાણકારી મળી શકે.
- બધા જ સભ્યોએ સ્થાનિક આરોગ્ય વિભાગમાંથી પ્રાથમિક સારવારની મૂળતત્વ તાલીમ મેળવવી જોઇએ.
- અસરકારક વ્યવસ્થાપન માટે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા માટે ટીમ વાકેફ હોવી જ જોઇએ.
- અશક્ત વિદ્યાર્થીઓના માટે અલગ વ્યૂહ તૈયાર કરો.

**આપત્તિ દરમ્યાન-**

- વાહનોના કર્મચારીઓને પહોંચવાના સ્થળે જવા સલામત રીતે શાળાની બહાર જવા માર્ગદર્શન આપો.
- બધા જ વિદ્યાર્થીઓને નિયત વાહનમાં સલામત રાખો. અશક્ત વિદ્યાર્થીઓની ખાસ સંભાળ લો.

**આપત્તિ બાદ-**

- હેરફેર માટે વધુ વાહનોની જરૂરીયાત માટે અન્ય ટીમો સાથે સંકલન કરો.
- શાંત રહેવા લોકોને સૂચના આપો તથા વાહનોના કર્મચારીઓ સાથે સંકલનમાં રહીને તેમના સંબંધિત વાહનોમાં પહોંચવા તેમને માર્ગદર્શન આપો.

- પ્રાથમિક સારવાર ટીમના સભ્યોના સંકલનમાં રહીને ઘવાયેલ વ્યક્તિઓને પ્રાથમિક સારવારની સહાય કરો.

## જી. આગ સલામતી ટુકડી-

- **ટુકડીના સભ્યો- ૪ શિક્ષકો અને ૫-૬ વિદ્યાર્થીઓ**

**આપત્તિ પહેલાં**

- એ બાબતની ખાતરી કરો કે શાળા પાસે ઇન્સ્ટોલ કરેલા પુરતી સંખ્યામાં આગશામકો છે કે કેમ અને તે ચાલુ સ્થિતિમાં છે કે કેમ તેની પણ ચોકસાઇ કરો.
- ટુકડીના બધા જ સભ્યોએ આગશામક કેવી રીતે ચલાવવું તેની જાણકારી મેળવી લેવી જોઇએ.
- એ બાબતની ખાતરી કરો કે જિલ્લાતંત્રના પરામર્શમાં રહીને સ્થાનિક આગ વિભાગ દ્વારા નિયમિત રીતે સમયાંતરે આગ સલામતીનું એસેસમેન્ટ કરવામાં આવે.
- ટુકડીના સભ્યોએ નિયમિક રીતે મોકડ્રીલમાં ભાગ લેવો જોઇએ.
- ઉદ્યોગો, કારખાનાઓ વગેરે જેવા નજીકના આપત્તિજનક વિસ્તારો ઉપર ખાસ નજર રાખો અને તેમને સંબંધિત કોઇપણ પ્રવૃત્તિ વિષે સ્થાનિક તંત્રને સાવધ કરો.
- એ બાબતની ખાતરી કરો કે મેઇન સ્વીચો સહિત ઇલેક્ટ્રીક વાયર્સ અને સ્વીચો કવર્ડ છે કે કેમ; અને જો ખુલ્લી જણાય તો વીજળી વિભાગના પરામર્શમાં રહીને તેને રીપેર કરાવવા માટે શાળા વ્યવસ્થાપન તંત્રને જાણ કરો.

**આપત્તિ દરમિયાન-**

- શક્ય હોય તો મેઇન સ્વીચ બંધ કરો અને સમગ્ર શાળા માટે વીજળી પુરવઠો કાપી નાખો.
- જો કોઇ વિદ્યાર્થી આગમાં સળગવા માંડે તો તેને સ્ટોપ, ડ્રોપ અને રોલ નો આદેશ કરો.
- આગ શામકોનો ઉપયોગ કરી, જ્યાં આગ દેખાય ત્યાં તેને બૂઝાવવાનો પ્રયાસ કરો.
- જો આગ ભયંકર સ્વરૂપ ધારણ કરે તો શાળાના મકાનમાંથી બહાર નીકળી જાઓ.
- જેટલું વહેલું બને તેટલું વહેલું સ્થાનિક ફાયબ્રિગેડને જાણ કરો.

**આપત્તિ પછી-**

- એ બાબતની ખાતરી કરો કે બધા જ વિદ્યાર્થીઓ શાળાના મેદાનમાં ઉપસ્થિત છે કે કેમ? જો ગણતરીમાં ખૂટે તો શોધ અને બચાવ ટુકડીને તરત જ તેની જાણ કરો.
- તેમની કામગીરી કરવામાં શોધ અને બચાવ ટુકડી તથા પ્રાથમિક સારવાર ટુકડીને મદદ કરો.
- અદ્યતન માહિતી તૈયાર કરી અને વધુ સારા સંકલન માટે શાળા વ્યવસ્થાપન/ સ્થાનિક જિલ્લા વહીવટી તંત્રને જાણ કરો.

# પરિશિષ્ટ-૬
## વિદ્યાર્થીઓની વર્ગવાર માહિતી

| ધોરણ | વિભાગ | કિશોર | કન્યા | અશક્ત બાળકોની સંખ્યા | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | અ<br>બ<br>ક<br>ડ | | | | |
| ૨ | અ<br>બ<br>ક<br>ડ | | | | |
| ૩ | અ<br>બ<br>ક<br>ડ | | | | |
| ૪ | અ<br>બ<br>ક<br>ડ | | | | |
| ૫ | અ<br>બ<br>ક<br>ડ | | | | |
| ૬ | અ<br>બ<br>ક<br>ડ | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭ | અ<br>બ<br>ક<br>ડ | | | | |
| ૮ | અ<br>બ<br>ક<br>ડ | | | | |
| ૯ | અ<br>બ<br>ક<br>ડ | | | | |
| ૧૦ | અ<br>બ<br>ક<br>ડ | | | | |
| ૧૧ | અ<br>બ<br>ક<br>ડ | | | | |
| ૧૨ | અ<br>બ<br>ક<br>ડ | | | | |

GSDMA

SAFE SCHOOL
GUJARAT SCHOOL SAFETY INITIATIVE

પરિશિષ્ટ-૭

## શૈક્ષણિક કર્મચારીઓની માહિતી

| ક્રમ | નામ | ધોરણ | સરનામાં સાથે સંપર્ક નંબર |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |

## પરિશિષ્ટ-૮

## બિન- શૈક્ષણિક કર્મચારીઓની માહિતી

| | બિન- શૈક્ષણિક કર્મચારીઓની માહિતી | **પુરૂષ** | **સ્ત્રી** | **કુલ** |
|---|---|---|---|---|
| | *વહીવટી* | | | |
| | *પટાવાળા* | | | |
| | *રક્ષક* | | | |
| | *ડ્રાઇવર* | | | |
| | *અન્ય* | | | |
| | *તાલીમ પામેલા સ્વયંસેવકો* | *છોકરાઓ* | *કન્યાઓ* | |
| | *એન.સી.સી. (હા/ ના)* | | | |
| | *એન.એસ.એસ. (હા/ ના)* | | | |
| | *સ્કાઉટ (હા/ ના)* | | | |

**પરિશિષ્ટ- ૯**

**કટોકટી/ આપત્તિ પરિશિષ્ટ માટે અગત્યના સંપર્કની માહિતી**

| **ક્રમાંક** | **સ્થળ** | **સંપર્કની માહિતી** | **સરનામું** |
|---|---|---|---|
| ૧ | ફાયર સ્ટેશન | | |
| ૨ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | | |
| ૩ | નજીકની હોસ્પિટલ | | |
| ૪ | પોલિસ સ્ટેશન | | |
| ૫ | કટોકટી સંચાલન કેન્દ્ર | | |
| ૬ | ફાર્મસી | | |
| ૭ | બ્લડ બેન્ક | | |
| ૮ | કલેક્ટર કચેરી | | |
| ૯ | તાલુકા પંચાયત | | |
| ૧૦ | ગ્રામ પંચાયત | | |
| ૧૧ | નાગરિક સંરક્ષણ | | |
| | તાલીમ પામેલ/ પ્રમાણિત તરવૈયા | | |

પરિશિષ્ટ- ૧૦

સભયો ની વિગતો

૧. જાગૃત્તિ કેળવણી અને સંદેશાવ્યવહાર ટુકડી.

| ક્રમ | નામ | હોદો | સંપર્ક નંબર | ઈ-મેલ |
|---|---|---|---|---|
| ૧ | | | | |
| ૨ | | | | |
| ૩ | | | | |
| ૪ | | | | |
| ૫ | | | | |
| ૬ | | | | |

૨. પ્રાથમિક સારવાર ટુકડી

| ક્રમ | નામ | હોદો | સંપર્ક નંબર | ઈ-મેલ |
|---|---|---|---|---|
| ૧ | | | | |
| ૨ | | | | |
| ૩ | | | | |
| ૪ | | | | |
| ૫ | | | | |
| ૬ | | | | |

GSDMA

SAFE SCHOOL

GUJARAT SCHOOL SAFETY INITIATIVE

### ૩. શોધ અને બચાવ ટુકડી

| ક્રમ | નામ | હોદો | સંપર્ક નંબર | ઈ-મેલ |
|---|---|---|---|---|
| ૧ | | | | |
| ૨ | | | | |
| ૩ | | | | |
| ૪ | | | | |
| ૫ | | | | |
| ૬ | | | | |

### ૪. સ્થળાંતર ટુકડી

| ક્રમ | નામ | હોદો | સંપર્ક નંબર | ઈ-મેલ |
|---|---|---|---|---|
| ૧ | | | | |
| ૨ | | | | |
| ૩ | | | | |
| ૪ | | | | |
| ૫ | | | | |
| ૬ | | | | |

## ૫. સ્થળ સુરક્ષા ટુકડી

| ક્રમ | નામ | હોદો | સંપર્ક નંબર | ઈ-મેલ |
|---|---|---|---|---|
| ૧ | | | | |
| ૨ | | | | |
| ૩ | | | | |
| ૪ | | | | |
| ૫ | | | | |
| ૬ | | | | |

## ૬. વાહનવ્યવહાર વ્યવસ્થાપન ટુકડી

| ક્રમ | નામ | હોદો | સંપર્ક નંબર | ઈ-મેલ |
|---|---|---|---|---|
| ૧ | | | | |
| ૨ | | | | |
| ૩ | | | | |
| ૪ | | | | |
| ૫ | | | | |
| ૬ | | | | |

## ૭. આગ સામે સુરક્ષા ટુકડી

| ક્રમ | નામ | હોદો | સંપર્ક નંબર | ઈ-મેલ |
|---|---|---|---|---|
| ૧ | | | | |
| ૨ | | | | |
| ૩ | | | | |
| ૪ | | | | |
| ૫ | | | | |
| ૬ | | | | |